# ગાંધીનગરની રાગા કલ્ચરલ ગૃપે સ્પેનમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની રાગા કલ્ચરલ ગૃપ ઓફ પર્ફોમીંગ આર્ટ કલા સંસ્થાએ નગરની સંસ્કૃતિની સુવાસ સ્પેનમાં ફેલાવી છે. સંસ્થાના કલાકારોએ આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવમાં ભાગ લઈ ગુજરાતના પરંપરાગત લોકનૃત્યોને જીવંત બનાવી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.





સ્પેનના કાસરર્સ શહેરમાં ફેસ્ટીવલ્સ દુ સુદ દ્વારા ૨૮મો એકસ્ટ્રેમદુરા આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવ ૨૦૧૪ યોજવામાં આવ્યો હતો. લોકનૃત્યમાં ગાંધીનગરની રાગા કલ્ચરલ ગૃપ ઓફ પર્ફોમીંગ આર્ટ કલા સંસ્થાએ ભાગ લીધો હતો.

આ લોકનૃત્યમાં ચીન, રશિયા, ચીલી, ડોમીનીક, રીપબ્લીક, જયોર્નિયા, પનામા અને ભારત સહિત ૧૨ દેશોએ ભાગ લીધો હતો ત્યારે ભારત દેશનું પ્રતિનિધિત્વ રાગા સંસ્થાએ હર્ષદ સોલંકીની આગેવાનીમાં કર્યું હતું. જેમાં કોરિયોગ્રાફી અનીશ મંકોડીએ કરી હતી અને ગાંધીનગરના ૨૬ કલાકારો જયેશ સુખડિયા, અર્જુન રજવાણિયા, અંકિત પટ્ટણી, અજયકુમાર પાટીલ, કલ્પેશ રાઠોડ, જયેશ મકવાણા, વિજયસિંહ રાજન, દુર્ગેશ શર્મા, જીત ભટ્ટ, દેવાંગ શાહ, જીત સોલંકી, કુ. પ્રાચી રામી, કુ. જાનકી ચૌધરી, કુ. ભૂમિકા પંચાલ, શ્રીમતી દિપ્તીબેન નાયકે પોતાની કલાના ઓજસ પાથર્યા હતા. ગુજરાતના પરંપરાગત લોકનૃત્યો જેવા કે રાસ, રાસડો, રાઠવા, ખળાવાળ અને ગરબી રજુ કરી સ્પેન અને પોર્ટુગલ દેશના લોકોને મંત્રમુગ્ધ કરી નાખ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત શહેરના મેયરે ગુજરાતી સંસ્કૃતિને નિહાળી બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મિતેષ ભાવસાર અને જયસિંહ ચૌહાણે મ્યુઝીશિયન તરીકે કામગીરી બજાવી હતી.

# વધુ એક ચેઈન સ્નેચરને એલસીબીની ટીમે ઝબ્બે કર્યો

## સે-૨૨ ટ્રાફીક પોલીસ ચોકી પાસેથી મહિલાના ગળામાંથી બે તોલાનો દોરો ખેંચી લીધો હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર વિસ્તારમાં તરખાટ મચાવનાર ચેઈન સ્નેચર્સને ગાંધીનગર એલસીબીની ટીમે બે દિવસ અગાઉ જ પકડી પાડયા હતાં. એકિટવા પર આવીને દોરો ખેંચતા તે શખ્સોએ આઠ ગુનાની કબુલાત કરી હતી દરમિયાન આજે પણ એક ચેઈન સ્નેચરને એલસીબીની ટીમે પકડી પાડયો છે. તેણે સે-૨ પાસેથી એકાદ વર્ષ પહેલા ચેઈન સ્નેચીંગ કર્યું હોવાની કબુલાત કરી છે. આરોપીની ધરપકડ કરીને એલસીબીએ સે-૨૧ પોલીસને સોંપી દીધો છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ આર.એન. વાઘેલા તથા તેમની ટીમ ચેઈન સ્નેચર્સને પકડવા દોડધામ કરી રહી છે ત્યારે નાઈટ પેટ્રોલીંગ દરમિયાન નરોડાના એક શખ્સ વિજય ઉર્ફે વિજયો ઈશ્વર લઘરા પ્રજાપતિને ક-૬ સર્કલ પાસેથી પકડી પાડી તેની ઝીણવટભરી પુછપરછ કરી હતી તેણે તેના એક સાગરીત સાથે મળીને એકાદ વર્ષ અગાઉ સે-૨૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનથી સે-૨૯ તરફ જવાના માર્ગ પર ચાલતા જતી એક મહિલાનો આશરે ૪૦ હજારથી કિંમતનો બે તોલાનો દોરો આંચકી ચેઈન સ્નેચીંગ કર્યું હોવાની કબુલાત યુવાને કરી લીધી છે. આરોપીની ધરપકડ કરીને એલસીબીએ સે-૨૧ પોલીસને વધુ પુછપરછ માટે સોંપ્યો છે.

# ક રોડ પરના રેલવે ક્રોસીંગ પર ફાટક ના હોવાથી અકસ્માતની ભીતિ

## એન્જીન ડ્રાઈવર હોર્ન વગાડે છતાં વાહન ચાલકો ફાટક ક્રોસ કરવા પ્રયત્નો કરે છે : આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી અવાજથી રહીશો હેરાન પરેશાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૨૬ પાસે ક-રોડ પર આવેલ રેલવે ક્રોસીંગ પર ફાટક ના હોવાથી ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા છે. આ ઉપરાંત ફાટક ના હોવાથી આ ટ્રેક પર આવતી ગાડીઓના એન્જીન ડ્રાઈવર ખૂબ હોર્ન વગાડે છે. જેના કારણે આસપાસના રહીશોને પરેશાની ભોગવવી પડી રહી છે.

સે. ૨૬ ના આ રેલવે ક્રોસીંગ પર બે ટ્રેક આવેલા છે. જેમાંથી એક ટ્રેક પર ફાટક છે અને એક પર નથી. આ કારણે જે ટ્રેક પર ફાટક નથી ત્યાં વાહનચાલકો ગાડી આવતી હોય તો પણ ઝડપથી ફાટક ક્રોસ કરી લેવાની ઉતાવળ કરતા હોય છે. આ કારણે એન્જીન ડ્રાઈવરે સતત હોર્ન વગાડવુ પડે છે. આ ટ્રેક પર એક ગાડી તો સવારે ૫.૩૦ વાગે આવે છે. તે સમયે ડ્રાઈવર દ્વારા સતત વગાડાતા હોર્નના કારણે આસપાસના રહેણાંકના રહીશો ખૂબ પરેશાન થઈ જાય છે. સવારના ટાઈમે વાતાવરણ શાંત રહેતુ હોવાથી હોર્નનો અવાજ પણ વધુ મોટો સંભળાય છે. અને વહેલી સવારે જ લોકોની મીઠી નિંદરમાં ખલેલ પહોંચાડે છે. આ રેલવે ટ્રેક નજીક થોડીક ઝુંપડપટ્ટી વિસ્તાર હોવાથી ત્યાં રહેતા શ્રમજીવીઓના નાના બાળકો પણ આ ફાટક નજીક જ રમતા હોય છે. જેના કારણે તેઓ પણ આ ટ્રેક પર આવતી ટ્રેઈનના ભોગ બનવાની શક્યતા રહેલી છે. આ વિસ્તાર એક તરફ ભરચક રહેણાંક વિસ્તાર હોવાથી અહીં સતત લોકોની અને વાહનોની અવરજવર રહે છે. વળી બીજી તરફ જીઆઈડીસી હોવાથી તેનો ટ્રાફિક પણ વધુ રહે છે. તેથી કોઈ ગંભીર અકસ્માત કે જાનહાનિનો ભય રહેલો હોવાથી સત્વરે આ ક્રોસીંગ પર ફાટક લગાડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



## માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ઈકો ક્લબ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી

ક્રોકિંટના જગંલો સામે કુદરતી જંગલો નાશ પામતા જાય છે. અને તેના કારણે પર્યાવરણનો વિનાશ થતો જાય છે. માઉન્ટકાર્મેલ સ્કૂલમાં ઈકો ક્લબ દ્વારા ઉર્જાબચાવો ભવિષ્ય બચાવો વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. દેશનો દિવસે-દિવસે વિકાસ થાય છે. તેમ દેશ વિનાશ તરફ જઈ રહ્યો છે. વિકાસના પગલે પર્યાવરણ જોખમમાં મુકાયું છે. ઠેર ઠેર સિમેન્ટ ક્રોક્રીંટના જંગલો દેખાવા લાગ્યા છે. પર્યાવરણ નાશ થવાથી મનુષ્યના જીવન પર ખતરો મંડરાયો છે. ત્યારે સેક્ટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ઉર્જા બચાવો ભવિષ્ય બચાવો પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ઉર્જાની સાથે-સાથે પર્યાવરણને બચાવવા માટે પણ સંદેશ આપવામાં આવ્યો હતો. વધુ વૃક્ષો વાવી શહેરને હરિયાળુ બનાવવા અને તેનું જતન કરવાના ચિત્ર દ્વારા બાળકોએ સંદેશા પાઠવ્યા હતા. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ગણેશોત્સવ નિમિત્તે આજના કાર્યક્રમો

- સે-૨૨ના રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવમાં આજે રાત્રે ૮.૩૦ વાગે સુપ્રસિધ્ધ ટોપ વન મ્યુઝીકલ નાઈટ દ્વારા હિન્દી ફિલ્મીગીત સંગીતનો કાર્યક્રમ રજૂ કરાશે.
- સે-૧૭માં સાર્વજનિક ગણેશોત્સવમાં આજે રાત્રે ૮.૩૦ વાગે ડીજે ગરબા પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે.
- સે-૬-ડીમાં ભુવનેશ્વર મહાદેવ ખાતે આજે રાત્રે ૮.૩૦ વાગે રંગ કસુંબલ ડાયરો યોજાશે જેમાં ભજન સમ્રાટ નિરંજન પંડયા અને હાસ્ય લોક સાહિત્યકાર ઘનશ્યામ ગઢવી કાર્યક્રમ રજૂ કરશે.
- સે-૨-સીમાં આયોજિત ગણેશ ઉત્સવમાં રાત્રે ૯-૦૦ વાગે દિલ્હીના કલાકારો દ્વારા ગણેશ વંદના, મહાકાળી માતાજીનું સ્વરૂપ અને શિવ-તાંડવ તથા શિવ-પાર્વતીની ઝાંખી રજૂ કરવામાં આવશે.

## આજે રામદેવ પીરના નેજા ચઢાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

રણુજાના રાજા બાબા રામદેવ પીરના સિવિલ કમ્પાઉન્ડ સ્થિત મંદિર ખાતે તા. ૩જીને બુધવારના રોજ નેજા ચઢાવવામાં આવશે. તેમજ તા. ૨ જીના રોજ રાત્રે ૯.૦૦ વાગે ભજન સંતવાણી કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં વાવોલના વિક્રમસિંહ ગોલના હસ્તે પહેલુ નિશાન ચઢાવવામાં આવશે. તેમજ ચીમનભાઈ વિંઝુડા, નેતા મનપા, હસમુખ મકવાણા, કોર્પોરેટર, પિન્કીબેન પટેલ, કોર્પોરેટર, અશોક શ્રીમાળી કોર્પોરેટર, બળદેવભાઈ વાઘેલા, પ્રોફેસર, ચતુરભાઈ તલવાડી, માજી મામલતદાર, અને કે.પી. સોલંકી જિલ્લા મહામંત્રી કોંગ્રેસ ઉપસ્થિત રહેશે.

## પેથાપુરમાં સ્વપંચ ઋષિબાપાની શોભાયાત્રા નિકળી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા વાલ્મીકી વિકાસ મંડળ પેથાપુર દ્વારા સ્વપંચઋષિ બાપાની શોભાયાત્રા ફેરવવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના અધ્યક્ષ દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગને અનુરૂપ સંબોધન કર્યુ હતુ તેમજ જિલ્લા વાલ્મીકી વિકાસ મંડળના પ્રમુખ ગજેન્દ્ર વાઘેલા, પરસોત્તમભાઈ, રમેશભાઈ, જશુભાઈ, કિશોરભાઈ, રમેશભાઈ એડવોકેટ સહિત જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## નાગર જ્ઞાતિજનો માટે સમૂહ ગોત્રાટ વ્રતનું આયોજન

ગાંધીનગર, તા. ૧

નાગર સમાજની સૌભાગ્યવંતી મહિલાઓ દ્વારા દર વર્ષે સમૂહ ગોત્રાટ વ્રતનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્રત ભાદરવા સુદ તેરસથી વદ બીજ દરમિયાન પ્લોટ નં. ૧૦૧૪/૨, સેક્ટર-૨-ડી, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. આ વ્રત કરવા પ્રશ્નોરા કુટુંબોને વ્રત કરવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સચિવાલય સામેથી મૃત હાલતમાં મળેલા યુવાનને હાર્ટ એટેક આવ્યો હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર સચિવાલય ગેટ નં. ૬ની સામેની ઝાડીઓમાંથી ગઈ કાલે બપોરના સુમારે શંકાસ્પદ હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ કરી હતી. યુવાનનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હોવાનું પોસ્ટ મોર્ટમમાં બહાર આવ્યું છે.



## આ એજ જગ્યા છે જયાં ચાર દિવસ પહેલા બે કાર ટકરાઈ હતી

'ચ' રોડ પર આવેલ ફાયર સ્ટેશનની સામે બપોરના સુમારે બે લકઝુરીયસ કાર વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. અકસ્માતમાં કોઈને પણ ઈજા થવા પામી ન હતી પરંતુ બંને કારને ખાસ્સુ નુકશાન થવા પામ્યું હતું. આ એ જ જગ્યા છે જયાં ચાર દિવસ પહેલા જ બે કાર ટકરાઈ હતી ત્યારે અહિંયા વારંવાર અકસ્માતો થતા રહે છે તેને લઈને અહીંયા સ્પીડ બ્રેકર મુકવાની લોક માંગ પ્રબળ બની છે. અહિંયા એક રસ્તો હેલીપેડ બાજુ જાય છે અને બીજો રસ્તો પોઈન્ટ બસોના બસ સ્ટેન્ડથી સચિવાલય તરફ જાય છે અને તેના કારણે અવારનવાર અકસ્માત સર્જાય છે.

## મહેસાણામાં ગૃહમંત્રીના હસ્તે ૨ કરોડ ૨૧ લાખની સહાય વિતરણ કરવામાં આવી

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર તરફથી મહેસાણા અને પાટણ જિલ્લાના અનુસૂચિત જાતિઓના અરજદાર લાભાર્થીઓને ધંધા રોજગાર વાહનો માટે પગભર થવા નિગમ તરફથી બહેનોને ફકત સાડા ત્રણ ટકાના દરે તથા ભાઈઓને ચાર ટકાના દરે ધિરાણ અપાય છે.

રજનીકાંતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજેલ તેમાં નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, ઉપાધ્યક્ષ જીતેન્દ્રભાઈ વાઘેલા, ડિરેકટર રાજેન્દ્રભાઈ ચાવડા, ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમના ચેરમેન પુંજાજી ઠાકોર, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનાં ચેરમેન જયંતિભાઈ બારોટ, લઘુમતિ બોર્ડના ચેરમેન ઈમત્યાજભાઈ પઠાણ, મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ પટેલ, મહેસાણા તથા પાટણ જિલ્લાના ન્યાય સમિતિના અધ્યક્ષશ્રીઓ શ્રીમતી સવિતાબેન જાદવ તેમજ લાલજીભાઈ મકવાણા, નિગમના મેનેજીંગ ડિરેકટર આર.એમ. જાદવ અને અધિકારીઓ, મહેસાણા શહેર પ્રમુખ કૌશિકભાઈ વ્યાસ, મંત્રી નિરંજન ચાવડા વિગેરે ઉપસ્થિત રહેલ. સૌ આગેવાનો-મહાનુભાવોની ઉપસ્થિતિમાં નિગમ તરફથી લાભાર્થીઓને બહેનોને મહિલા સમૃધ્ધિ યોજના ભાઈઓને માઈક્રો ક્રેડિટ યોજના તથા નાના પાયાના ધંધા માટે તથા વાહનોનું લોન-સહાય વિતરણ કરીને મહેસાણા જિલ્લાના ૨૬૧ લાભાર્થીઓને, પાટણ જિલ્લામાં ૧૮૨ લાભાર્થીઓ એમ મળી કુલ ૪૪૩ લાભાર્થીઓને એકંદરે કુલ રૂ. ૨ કરોડ ૨૪ લાખ ૫૪ હજારનું લાભાર્થીઓને લોન સહાય વિતરણ કરવાનો કાર્યક્રમ સંપન્ન થયેલ કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ મકવાણા તથા પ્રોફે. નરસિંહભાઈ વણકરે ખુબ જ સારી સફળ બનાવવામાં અગત્યની ભૂમિકા અદા કરી આભાર માન્યો હતો.

# આઈ કિસાન પોર્ટલ પર નોંધણી વગર પણ ઓનલાઈન અરજી કરી કૃષિ-બાગાયત ખાતાની યોજનાઓનો લાભ લઈ શકશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ખેડૂતોને ખેતી માટે જરૂર પડતી ખેત સામગ્રી નિયમિત અને સમયસર મળી રહે, અદ્યતન કૃષિ વિષયક માહિતી ઉપલબ્ધ થઈ શકે, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતોને ઘરઆંગણે આસાનીથી મળી રહે અને કૃષિ પેદાશોના જુદા જુદા બજારમાં ચાલી રહેલ બજારભાવો જાણી શકાય તે માટે કૃષિ અને સહકાર વિભાગ દ્વારા આઈ કિસાન પોર્ટલ વેબસાઈટ કાર્યાન્વિત કરવામાં આવી છે.

આઈ કિસાન પોર્ટલ ઉપર નોંધણી કરાવ્યા સિવાય પણ ખેડૂતો કૃષિ-બાગાયત ખાતાની યોજનાઓનો ઓન લાઈન અરજી કરી લાભ મેળવી શકે છે ઓન લાઈન અરજી ઈ ગ્રામ કે કોઈ પણ ઈન્ટરનેટ સુવિધા ધરાવતા કોઈ પણ કોમ્પ્યુટર મારફતે પણ કરી શકાય છે. જેમાં ખેડૂતો ટ્રેક્ટર, આધુનિક કૃષિ યાંત્રિકરણમાં તમામ ખેત ઓજારો, સુધારેલ ખેત ઓજારો, તાડપત્રી, દવા છાંટવાનાં પંપ, ઓઈલ એન્જિન, સબમર્સિબલ પંપ, ખુલ્લી પાઈપલાઈન, અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન, અનાજ સંગ્રહનાં પીપ માટે તા. ૧૫-૯-૧૪ સુધીમાં ઓનલાઈન અરજી કરી સબસીડીનો લાભ મેળવી શકશે. ઉપરાંત, એટસોર્સ સહાય કાપી આપવાના થતા ઘટકો જેવા કે ગૌણ અને સૂક્ષ્મતત્વો, પાક સંરક્ષણ દવાઓ, નિંદણનાશક દવાઓ, આઈ.પી.એમ./એન.પી.વી.ના ઈનપુટ્સ, વિવિધ પ્રકારના કલ્ચર તેમજ અન્ય કૃષિ ઈનપુટ્સનું વિતરણ ચાલુ છે. સદર સહાય માટે અરજી ફોર્મ, કબુલાતનામુ, ૮-અ, બારકોડેડ રેશનકાર્ડ અને રાષ્ટ્રીયકૃત બેંક એકાઉન્ટની વિગત (કેન્સલ ચેક/પાસબુકની નકલ આઈ.એફ.એસ.સી. કોડ સહિતની) તેમજ અનુસુચીત જાતિના ખેડૂતે સક્ષમ અધિકારીનો અનુસુચીત જાતિનો દાખલાની નકલ લઈ આપના ગામના ગ્રામસેવક પાસે અરજી ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી ભલામણ સહ ઉક્ત સાધનિક કાગળોસહની અરજી લઈ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા અત્રેના જિલ્લામાં તાલુકાવાઈઝ અધિકૃત કરેલ ડીલરોને ત્યાંથી ઈનપુટ્સ મેળવવાના રહેશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૭ ટકા ● સાંજે ૮૫ ટકા
વરસાદ - ૩૪ મી.મી.

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી)(અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**વૃષભ** : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

**કર્ક** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

**સિંહ** : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

**કન્યા** : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

**તુલા** : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

**વૃશ્ચિક** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**મીન** : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. અમૃતલાલ મગનલાલ ગાળીયા (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૯૨૯/૧, સેક્ટર-૨સી, ગાંધીનગર
- સ્વ. ચંદુજી મોહનજી રાઠોડ (ઉ.વ. ૫૦) મુ. પાલજ, નવા ગામ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. નટવરલાલ અંબાશંકર દવે (ઉ.વ.૮૩) મુ. કોબા (તા.જી. ગાંધીનગર
- સ્વ. નંદુબેન હિરજીભાઈ કંસારા (ઉ.વ.૮૦) ટાઈપ-૨, બ્લોક નં. ૨૧/૨ જીઈબી કોલોની, ગાંધીનગર